Dr.Satej M.Patel
Opp. Renaissance Hotel, Chankyapuri Road,
Nr. Kargil Petrol Pump, Off SG- Highway,
Ahmedabad–380060 Mob: +91 9723287125
info@satejglobalscience.com

SATEJ
GLOBAL SCIENCE
Think Globally Act Locally

GSTNO:24ARZPP5827C1ZD

# સતેજમીન વિષે ટૂંકમાં સમજ

સતેજમીન એ કુદરતી સ્વરૂપે મેળવવામાં આવેલ સાંદ્ર ક્ષાર તત્વોથી ભરપુર અને આયોનિક સ્વરૂપમાં ખેતી માટે ના ઉચ્ચગુણવત્તા યુક્ત મિનરલ તત્વો છે.




સતેજમીન સમુદ્ર જળ માંથી બનાવેલ હોવાથી તે કુદરતી કે પ્રાકૃતિક કહી શકાય. આ મિનરલ તત્વોથી જમીનની PH માં સુધારો થાય છે. સાથે સાથે પાકની ન્યુટ્રીશનલ કે મેડીશીનલ વેલ્યુ (પોષક તત્વો તથા ઔષધી તત્વો) વધારે સારા પ્રમાણમાં મળી આવે છે.

આ મિનરલ ડ્રોપમાં મેક્રો તથા માઈક્રો મિનરલ જેવા કે મેગ્નેશિયમ, કેલ્શિયમ, ફેરસ, ઝીંક, મેગેનીઝ, કોપર, બોરોન, સેલેનીયમ, વેનેડીયમ, ફોસ્ફરસ, મોલીબ્ડેનમ, લીથીયમ કોબાલ્ટ જેવા મિનરલ આવેલા છે.તે પણ વળી નેચરલ સોર્સમાંથી બનાવેલ હોવાથી એકદમ કુદરતી પણ ખરા.

આપણા આ મિનરલમાં ક્ષાર તત્વો આયોનીક ફોર્મમાં હોવાના કારણે. વનસ્પતિના પાંદડા તથા મૂળ મહત્તમ ગ્રહણ કરી શકે છે. વળી આપણા આ સતેજમીન મીનરલમાં ફક્ત સામુદ્રિક ક્ષાર તત્વોજ હોવાથી અને કોઈજ ગ્રોથ ફેક્ટર જેવા કે હયુમિક, ફૂલ્વિક, L-લાયસીન વગેરે જેવા રાસાયણિક તત્વો ના હોવાથી કૃષિ ઉત્પાદનો ૧૦૦% નેચરલ ગણી શકાય છે અને સમાજને રસાયણિક ખાતર કે કેમિકલથી થતી આડઅસરથી બચાવી શકાય છે.

પ્રવાહી આયોનિક સાંદ્ર ક્ષાર તત્વોથી ભરપુર ખેતીલાયક પાણી એટલે સતેજમીનહવે જેને આપણે આગળ સતેજમીન થી ઓળખીશું.

## સતેજમીન ની પ્રાથમિક ઓળખાણ

સતેજમીન એ પ્રાકૃતિક આયોનિક સાંદ્ર ખેતીલાયક પાણી છે. જેને સમૂદ્ર જળમાંથી નૈસર્ગિક રીતે તૈયાર કરવામાં આવેલ છે. સતેજમીનથી જમીનની ગુણવત્તા તથા ઉર્વરકતા એટલેકે ઉત્પાદકતામાં વધારો થાય છે. અને માટીની કઠોરતામાં ઘટાડો પણ થાય છે. અને રાસાયણિક ખાતરોની જરૂરિયાત પણ ઓછી રહે છે.

આ એક સામાન્ય ખેતીના સિદ્ધાંત ઉપર કામ કરે છે. જેમકે સાંદ્ર ક્ષાર તત્વો એટલેકે મીનરલને આયોનિક ફોર્મ માં વનસ્પતિને આપો અને પાકમાં વધારો મેળવો. રાસાયણિક ખાતર વાપર્યા વગર આ સતેજમીન પ્રોડક્ટમાં સારી ગુણવત્તા વાળા, વધારે પ્રમાણમાં અને મોટા ભાગના બધાજ મિનરલ તત્વો આયોનિક ફોર્મમાં હોવાથી મૂળ તેમજ (પર્ણ) પાંદડા દ્વારા ખુબજ સરળતાથી પાકને મળતા હોવાથી ઉત્પાદનમાં વધારો ગુણવત્તા સભર સહેલાઈથી મેળવી શકાય છે . ઓગળેલા ક્ષાર તત્વો જમીનની સપાટી ઉપર આવરણ તરીકે નહિ રહેતા હોવાથી સતેજમીન વાપરવાથી પાકની વૃધ્ધીમાં ૬૦% જેટલો વધારો મેળવી શકાય છે. અને તે પણ જમીનને ખારી થતા બચાવીને. સતેજમીન જમીનમાં રહેલા સુક્ષ્મ જીવાણુંઓ કે જે પાકને મદદરૂપ થતા હોય છે જેમ કે (જમીનમાં રહેલા ક્ષાર ત્વોનું વિઘટન કરીને પાકને મળી શકે છે તેવા તત્વોમાં રૂપાંતર કરીને) તેમને વધવામાં મદદ કરે છે આપણા આ સતેજમીનના મિનરલ તત્વો માટીમાંથી પાક સુધી અને પાંદડાથી પાક સુધી સહેલાઈથી જાય છે.

અમારા વૈજ્ઞાનિકની ટીમે નોધ્યું છે કે જયારે પાકમાં ગુણવત્તા સભર વધારો જોવાયેલ છે ત્યારે પાકની મજબૂતાઈ માં અને રોગ પ્રતિકારક શક્તિમાં ખુબજ વધારો જોવાયેલ છે જયારે જયારે પાકને સતેજમીન થી પોષવામાં આવેલ હતા.
સતેજમીનના વનસ્પતિના વધારા ઉપર હકારાત્મક અસરમાં સતેજમીનની વધારે પ્રવાહિકતા અને ઓછુ સપાટી પરનું દબાણ અગત્યનો ભાગ ભજવે છે અને પૂરતા પ્રમાણમાં ક્ષાર તત્વો વનસ્પતિને મળી રહે અને પૂરતા પ્રમાણમાં ક્ષાર તત્વોનું

Copyrights ©SGS

Dr.Satej M. Patel
Opp. Renaissance Hotel, Chankyapuri Road,
Nr. Kargil Petrol Pump, Off SG- Highway,
Ahmedabad–380060 Mob: +91 9723287125
info@satejglobalscience.com



ચયાપચન થવાના કારણે ગુણવત્તા સભર પાકમાં વધારો થવાની સાથે બીજા રાસાયણિક ખાતરના વપરાશમાં મહદ અંશે ઘટાડો કરી શકાય છે.

સતેજમીનના સિદ્ધાંત મુજબ ઓછા સપાટી પરના દબાણ અને વધારે પ્રવાહિક ના કારણકે ક્ષાર તત્વોની ઓગળીને પાનમાં પ્રવેશવાની પધ્ધતિ ખુબ સારી રહે છે. જેના લીધે સમય જતા માટી કે જમીન સુવાળી થાય છે અને મૂળ પણ ખુબ સારા પ્રમાણમાં ફેલાઈ શકે છે જે કઠોર જમીનમાં થઇ શકતું નથી. આમ મૂળનો વધારો સારો હોવાના લીધે સીધીજ અસર પાક ઉપર હકારાત્મક થાય છે.

હાલની ખેતી માટેની પદ્ધતિમાં પાણીનો વપરાશ વધારે થતો હોવાથી પાણીના સ્રોતો પણ ઓછા થતા જાય છે. વળી તેના માટેની જરૂરી વીજળીનો વપરાશ પણ ખેતીના પાકોની કિંમતમાં વધારો કરે છે આમ ભાવ અને શક્તિની બચત માટે પણ સતેજમીનની ફોલીયર પદ્ધતિ (પર્ણ પર છંટકાવની) ખુબજ આશીર્વાદ રૂપ છે.
સતેજમીન ખુબજ સારા પરિણામો આપે છે તેનાથી ખેતીના પાકમાં ગુણવત્તા સભર વધારો નાના સીમાંત ખેડૂતોથી લઇ મોટા એગ્રો બીસનેસ માં જોવા મળે છે.

અત્યારનો ખેડૂતની સામે ઘણી બધી સમસ્યાઓ છે જેવી કે પાણીની કિંમત વધવી, જમીન પાણી અને વાયુનું પ્રદુષણ, હવામાનના ફેરફારો, પાકમાં આવતા રોગો વગેરેના કારણે ખેડૂત પાસે ગમે તેમ કરીને પણ બધીજ રીતે ઉત્પાદકતા વધારવા સિવાય કોઈજ વિકલ્પ રહેતો નથી જે સતેજમીન ખુબજ સરળતાથી પાર પાડી શકે છે. હાલમાં ખેડૂતો ખુબજ પ્રમાણમાં કેમિકલ યુક્ત ખાતર નાખે છે જેમાં સોલ્ટ ખુબજ પ્રમાણમાં હોય છે જે નું જમીનમાંથી ધોવાણ ઓછું થતા તથા જે પાણી ખેડૂત બોર કે કુવાનું વાપરે છે તે પણ ઘણી ખરાબ ગુણવત્તાનું હોવાથી જમીન ખારી તથા કઠણ થતી જાય છે. વનસ્પતિનો વધારો તમામ લેવલે એટલેકે મૂળ, થડ, ડાળી, પાંદડા, ફળ, ફૂલ, પરાગરજ વગેરે એ તમામ બાબત જમીનની ગુણવત્તા ઉપર નિર્ભર કરે છે જેમાં જમીન અને આજુબાજુનું પર્યાવરણ, પાણી, પોષકતત્વો, એસીડીકતા, બેઝીકતા, તાપમાન, ભોતિક બંધારણ, ઝેરી મિનરલ તત્વોની અસર આ બધુજ વનસ્પતિના ગ્રોથના વધારાને અટકાવે છે જેમ કે ખારી માટીની પીએચ ૮.૫ થી ઓછી હોવા છતાં ઈએસપી એટલેકે (એકચેન્જેબલ સોડીયમ પર્સન્ટેજ) ૧૫% થી પણ ઓછા હોવાથી સીઈસી એટલેકે (કેસાયન એક્સેન્જ કેપેસીટી) ૪ MMHOS/CM થી વધારે રહે છે. જેના કારણે વધારે પ્રમાણમાં પાણીમાં ઓગળનાર ક્ષાર તત્વો માટીમાં જમાં થાય છે જેના કારણે મૂળ દ્વારા થતા પાણીના શોષણની અછત સર્જાય છે અને પાકનો વિકાસ દુબળો થાય છે આ બધાજ અસરકર્તા પરિબળોનું સતેજમીન એ માત્ર ઉકેલ છે.

જો ખેડૂત વધારે પાણી આપે છે તો ભૂમિની મૂળ ની આજુબાજુ માંથી ક્ષાર વધારે ધોવાણ પામે છે અને જો અપૂરતું પાણી મળે છે તો જમીન ખારી તથા કઠણ થઇ જાય છે આ બંને સંજોગોમાં જમીનની ગુણવત્તા બગડેજ છે તેથી કાયમી અને લાંબાગાળાના ઉકેલ માટે સતેજમીનજ સંપૂર્ણ ઉકેલ છે.

રસાયણિક ખાતરોના વધારે પડતા ઉપયોગથી કઠણ અને ખારી થયેલી જમીનને કોઈપણ પ્રકારના રસાયણો ,કંડીશનર અથવા ખાતરથી મૂળભૂત સ્વરૂપે મેળવી શકાતી નથી આવી જમીનની માટી માંથી સોડીયમ ઓછું કરવા માટે ખુબજ સારી ગુણવત્તાનું પાણી વધારે પ્રમાણમાં આવવું પડે છે જેમાં TDS ખુબજ ઓછા પ્રમાણમાં હોય તેવું આમ જોતા પાણીની ઉંચ્ચી ગુણવત્તા ધોરણો સાચવવામાં સિંચાઈ પાણીના ખર્ચમાં વધારો અને પાકની વૃદ્ધિ માટે નાઈટ્રેટના પર્યાપ્ત સ્તર જાળવવામાં મુશ્કેલી આ તમામનો એકમાત્ર સતેજમીન જ ઉકેલ છે.

Copyrights ©SGS

Dr.Satej M.Patel
Opp. Renaissance Hotel, Chankyapuri Road,
Nr. Kargil Petrol Pump, Off SG- Highway,
Ahmedabad–380060 Mob: +91 9723287125
info@satejglobalscience.com

SATEJ
GLOBAL SCIENCE
Think Globally Act Locally

GSTNO:24ARZPP5827C1ZD

# સતેજમીન ખનિજના મૂળભૂત લાભો

## (A) પાકના ઉત્પાદનમાં ૬૦% થી ૮૦ % વધારો.

ઉંચી ઉત્પાદન તાક્નીકીનો સ્વીકાર અને ઉચ્ચ ઉપજ આપતી જાતોના પાકોએ જમીનમાં પોષક તત્વોના ભંડાર પર જબરદસ્ત દબાણ કર્યું છે જે જમીનમાં પોષક દ્રવ્યોમાં એક મહાન અસંતુલન તરફ દોરી જાય છે.

દેશમાં મોટાભાગની જમીનમાં સુક્ષ્મ પોષક તત્વોની હાજરીમાં ઘટાડો થયો છે,જે મુખ્ય કારણો પૈકી એક છે જેથી ખેતીમાં થતા પાકે ખાતરને પ્રતિભાવ આપવાનું બંધ કરી દીધું છે. અભ્યસો દર્શાવે છે કે જમીનના ૪૦ - ૫૫ ટકા જમીનમાં ZI (ઝીંક) જેવા સુક્ષ્મ પોષકતત્વો ઓછી માત્રમાં છે, જયારે 25 – 30 ટકા જમીનમાં B(બોરોન)ની ખામી છે. અન્ય સુક્ષ્મ પોષકતત્વોની ઉણપ ૧૫ ટકા જમીનમાં છે આ ખામીઓ અને મર્યાદાઓ ઉપજોને નોધપાત્ર રીતે ઘટાડે છે. “સુક્ષ્મ પોષકતત્વો અતિ આવશ્યક તત્વો છે જે ખુબજ નાની માત્રામાં છોડને જરૂરી છે વનસ્પતિની મેટાબોલિક પ્રવૃત્તિઓ અને છોડની વૃધ્ધીને પ્રોત્સાહન આપ્યા સિવાય તેઓ ગુણવત્તા, કદ, રંગ, સ્વાદ, ખાતરોના ઉપયોગની કાર્યક્ષમતા, પાણીનો ઉપયોગ, રોગ પ્રતિકાર વગેરેમાં સુધારો કરવાની મુખ્ય ભૂમિકા ભજવે છે.

સુક્ષ્મ પોષકતત્વોની પાકના ઉત્પાદનની ગુણવતા અને તેની લાંબા સમય સુધી ગુણવત્તા સભર રહેવામાં ભૂમિકા છે. જેમ આ પોષક તત્વો ખર્ચાળ હોય છે અને ખુબજ ઓછી માત્રામાં જરૂરી હોય છે તેમ ખાતર ડીલર અન્ય બલ્ક ખાતરો જેવા સ્ટોક નથી કરતો અને તેથી ખેડૂતો માટે સુક્ષ્મ પોષકતત્વોની ખામીઓ સુધારવી ખુબજ મુશ્કેલ થાય છે. ” આ ગંભીર સમસ્યાનો ઉકેલ શોધવા માટે, અમારા વૈજ્ઞાનિકો એ કાળા મરી, એલચી, આદુ, હળદર, બધા શાકભાજી, ફળો, પલ્સ વગેરેમાં ઉપજ અને ગુણવત્તા સુધારવા માટે SGS એગ્રો ખનિજ (સતેજમીન) વાપરીને લાભ નીચે મુજબ મેળવી શકાય છે.

૧) આ મિશ્રણોનો સહજ ફાયદો એ છે કે તેનો ઉપયોગ કાર્બનિક ખેતીમાં પણ થઇ શકે છે અને તેથી પર્યાવરણને અનુકુળ છે. તેઓ પાકના ઉપજ અને ગુણવત્તા બંનેને વધારવા માટે ખાતરી આપે છે.

૨) ટેકનોલોજી ઓછી કિંમતની છે અને ખેડૂતો માટે મૈત્રીપૂર્ણ છે. પ્રત્યેક એકર ૬૭૫ એમએલ માઈક્રોન્યુટ્રીઅન્ટ મિશ્રણ સ્પ્રેની જરૂર છે, જેની કિંમત રૂ. ૨૦૦૦ દર મહીને આશરે થાય.

3) પ્રત્યેક પાક માટે દર મહીને ત્રણ સ્પ્રે (દરેક દસ દિવસના અંતરાલ પર) ૬ ઇંચ અથવા ૧/૨  ફૂટના છોડ પછી અને ચોક્કસ વૃદ્ધિના તબક્કા દરમિયાન ભલામણ કરવામાં આવે છે.

૪) આ મીનરલ્સ લીધે ઉપજમાં વધારો અને વૃદ્ધિ શક્ય છે, તે નોધવું મહત્વનું છે કે મજુર અને સમય બચાવવા માટે અન્ય કોઈપણ રસાયણો સાથે આનુ મિશ્રણ ન કરવું જોઈએ.

૫) જોકે મિશ્રણ મસાલા પાક માટે આવશ્યક છે, આનો ઉપયોગ ફળો અને વનસ્પતિ પાકોમાં પણ ઉપજ વધારવા માટે કરી શકાય છે.

૬) દેશના વિવિધ ભાગોમાં છ ખેડૂતોના ખેતરમાં મીશ્રણની ચકાસણી કરવામાં આવી હતી. કેરળ અને કર્ણાટકમાં આદુમાં અજનમાયશ હાથ ધરવામાં આવી હતી, જયારે હળદર માટે કેરળ આંધ્રપ્રદેશ અને તામીલનાડુ શ્રેત્રમાં અજમાયશ કરવામાં આવી હતી. કેરળ અને કર્ણાટક રાજ્યોમાં એલચી અને કાળા મરી માટે પોષક મિશ્રણની ચકાસણી કરવામાં આવી હતી અને ખુબજ સારો વધારો ઉપજ અને ગુણવત્તામાં નોધાયેલ હતો.

૭) આ ઉત્પાદનો પેટન્ટ સુરક્ષા અને વ્યાપારીકરણ ની પ્રક્રિયામાં છે.

Copyrights ©SGS

Dr.Satej M.Patel
Opp. Renaissance Hotel, Chankyapuri Road,
Nr. Kargil Petrol Pump, Off SG- Highway,
Ahmedabad–380060 Mob: +91 9723287125
info@satejglobalscience.com



**(B) વનસ્પતિની મજબૂતાઈમાં સુધારો.**

હાલમાં પરિવર્તનશીલ આબોહવા અને વૈશ્વિક વસ્તીમાં વધારો થવાના કારણે માર્યાદિત ખેતીલાયક જમીન સાથે ખાધ પુરવઠાની સુરક્ષાનો એક મોટો વૈશ્વિક પડકાર છે. SGS એગ્રો ખનીજનો અભિગમ પાક ઉત્પાદક માટે મજબૂતાઈ આપવાનો છે. સતેજમીન એ ઘઉં, ચોખા, અને મકાઈ જેવા મહત્વના અનાજ, વાલ, ચણા, રાજમાં, દાળ વનસ્પતિ ફળ ફૂલ વગેરે જેવા બધાજ પાક ઉપર હકરાત્મક અસર પાડી શકે છે .

રોપણી પહેલા સતેજમીન સાથે બીજની સારવારથી અંકુરણમાં સુધારો અને વૃદ્ધિ ચક્રની શરૂઆતથી જ બીજને ઉતેજીત કરે છે આથી વનસ્પતિ વૃદ્ધિને ઉતેજીત કરે છે. બીજ અન્કુરણમાં સુધારો અને અંકુરણ દરમાં વધારો કરી મૂળના માળખા ને પ્રોત્શાહન આપવું,મૂળ ની એકરૂપતામાં વધારો કરીને દરેક પાકની સંભાવીત્તાને મહત્તમ બનાવે છે. સતેજમીન એ બીજના ઉપચાર સાથે, પ્રતિકાર માટે તંદુરસ્ત મૂળના માળખાને પ્રોત્સાહન આપવાનું કામ કરે છે.

વનસ્પતિની મજબૂતાઈ ની સાથે જંતુનાશકોની જરૂરિયાત ૫૦% સુધી ઘટાડે છે. ખાતર, હર્બિસાઈડસ, જંતુનાશકો અને ફંગીસાઈડની વપરાશમાં ૩૦ % - ૫૦ % ઘટાડો કરવામાં મદદ કરે છે.જીવાત સામે સારી રોગ પ્રતિકારક શક્તિ અને ૬૦ % થી ૮૦ % સુધી વધુ સારી ઉપજ આપે છે.

**(C) પાણીના ઉપયોગમાં ૧૦% થી 25% ઘટાડો**

નવીન SGS એગ્રો ખનીજ પદ્ધતિથી પાણીની કાર્યક્ષમતામાં વધારો કરી શકાય છે, ખેડૂતો માટે આર્થિક લાભ અને પર્યાવરણીય બોજો ઘટાડી શકાય છે. માઈક્રો અને મેક્રો ખનીજ મોટાભાગના સતેજમીન દ્વારા પુરા પડતા હોવાથી અને પાણીની કાર્યક્ષમતા વધારતી હોવાથી પાણીના ઉપયોગમાં ૧૦ થી25 % સુધીનો ઘટાડો કરી શકાય છે.

સતેજમીન એ સોલ્ટ એડોપ્શન રેશિયો ૫૦% સુધી ઘટાડીને તંદુરસ્ત માટી જીવતી રાખવાનું કામ કરે છે અને માટીની ભેજ જાળવવાની ક્ષમતાને પ્રોત્સાહન આપીને પાણીના વપરાશમાં ઘટાડો કરે છે.

**(D) સૂક્ષ્મ અને ઝીણા મુળમાં વધારો**

મૂળ વૃદ્ધિ અને મૂળ એક્ઝડેશનને બદલવામાં પર્ણ ફોલીયર સ્પ્રે દ્વારા SGS એગ્રો મીનરલનો ઉપયોગ કરવાના પુરાવા છે.અમે શોધી કાઢ્યું છે કે મૂળનો મોરફોલોજીકલ વિકાસ ખુબ મોટા હતો જયારે સતેજમીન ની પ્રકિયા પાક ઉત્પાદન દરમિયાન આપવામાં આવી હતી.જયારે પાક માટે સતેજમીન લાગુ પડે છે ત્યારે મૂળ વૃદ્ધિ વધે છે, પરિણામે લાંબા સમય સુધી અક્શીય મૂળ જેવાકે પ્રાથમિક સુક્ષ્મ અને નોડલ આ તમામ મૂળ વધારો જોવાયેલ છે. જે પાકની અને એકદરે છોડની વૃદ્ધીમાં મદદ કરે છે. SGS એગ્રો મિનરલના સ્પ્રે દ્વારા કરવામાં આવતા ઉપયોગથી સુક્ષ્મ તથા ઝીણા મૂળની વૃદ્ધીમાં ઘણોજ વધારો જોવાયેલ છે. જયારે અમે સતેજમીન થી પાકમાં ઘણોજ ગુણવત્તા સભર વધારો લીધો ત્યારે ત્યારે જોવા મળ્યું કે મૂળના મોર્ફોલોજીકલ વિકાસ એટલેકે (રૂપાત્મક વધારો, સુંદર વધારો) જોવા મળ્યો હતો.

**(E) માટી P.H સુધારો**

સતેજમીનથી થતી ખેતીમાં લાંબા ગાળે જમીન પોચી બને છે અને ખારાશ ઓછી થાય છે.સતેજમીન થી જમીન પરિવર્તન કરી અને પાણી – સંગ્રહની ક્ષમતામાં વધારો કરીને તંદુરસ્ત,પોષક અને સમૃદ્ધ પર્યાવરણ બનાવી શકાય છે. જેના કારણે ખરાબ ક્ષાર ને જમીનમાં થી દુર કરીને કેલ્શિયમ અને મેગ્નેસિયમને સપ્રમાણ જાળવી શકાય છે.

Copyrights ©SGS

Dr.Satej M.Patel
Opp. Renaissance Hotel, Chankyapuri Road,
Nr. Kargil Petrol Pump, Off SG- Highway,
Ahmedabad–380060 Mob: +91 9723287125
info@satejglobalscience.com



### (F)ભૂમિ ડીસેલીનેઝેશન

સતેજમીનની સારવાર જમીનની ડીસેલીનેઝેશન માટે અસરકારક પદ્ધતિ તરીકે ઉપયોગ કરી શકાય છે સતેજમીન ની સારવારથી કોલોઈડસ હાઈડ્રેશન ઘટે છે

પરિણામે ક્ષારની દ્રાવ્યતા પર સકારાત્મક અસર પડવાથી ક્ષારની જમાવટ અને સ્ફટીકીકરણ ઘટે છે.અભ્યાસ દર્શાવે છે કે સતેજમીન થી વધારનું દ્રાવ્ય ક્ષાર દુર થવાથી ભૂમિની એસિડિકતા માં ઘટાડો જોવા મળે છે.

### (G) બિજાંકુરણ માં વધારો

સતેજમીન ને બીજ કોટના ઝીણા પ્રમાણમાં વાપરવાથી લગભગ 30% સુધી અંકુરણની ટકાવારી માં સુધારો થયો છે. સતેજમીન દ્વારા કોટીંગ બીજ સાથે ઉત્પાદકતામાં સુધારો થયો છે સાપેક્ષ વૃદ્ધિ દર અથવા રુટ:શુટ રેશિયો વધારે જોવા મળેલ છે સતેજમીન પ્રક્રિયા કરેલ **બિજાંકુરણ** ઝડપી થાય છે. જેના દ્વારા પાકના સમયમાં ઘટાડો કરી શકાય છે અને વધારે પાક લઇ શકાય છે.

### (H) ખાતર, જંતુનાશક અને હર્બિસાઈડ વપરાશ ના કાર્યક્રમોંને ઘટાડવો

સતેજમીન ખનીજને નાના કણોમાં વિભાજીત કરે છે,જે છોડના કોશિકાઓને વધુ બાયો-ઉપલબ્ધ બનાવે છે અને તંદુરસ્ત પાણીના મહતમ હાઈડ્રેશન ને પરીણામે ખનીજો ની વધુ મોટી પહોચના કારણે સારું ઉત્પાદન લઇ શકાય છે. પરિણામે અન્ય ખાતર, જંતુનાશક હર્બિસાઈડ ના ઉપયોગ ને ઘટાડી શકાય છે.

### (I) પોષક સામગ્રીમાં વધારો અને ઉત્પાદનની શેલ્ફ લાઈફ મા વધારો

જયારે સતેજમીનનો તમારી કૃષિ પ્રથામાં ઉપયોગ થાય છે ત્યારે પાકમા પ્રોટીન, કારબોહાઈડ્રેટ, ફાઈબર, લીપીડ, વિટામીન, ખનીજ, કાર્યાત્મક મેટાબોલાઈટ વગેરે પોષક તત્વો થી સમૃદ્ધ હોય છે. કારણકે મિનરલ ચયાપચય અને કાર્યક્ષમતા સતેજમીન પોષકતાઓ ને કારણે મહત્તમ સ્તર પર હોય છે. તેથી ઉત્પાદકતામાં વધારો, પશુધનમાં રોગ ઘટાડવા અને ઉત્પાદનના સેલ્ફ જીવનમાં પણ વધારો થાય છે. સતેજમીન યોગ્ય પોષક તત્વો આપે છે, તેથી પર્યાવરણીય પરીસ્થિતિઓથી પાકનો ઘટાડો અટકાવે છે અને રોગ પ્રતિકાર શક્તિ વધારે છે.

**સતેજમીન (પ્રવાહી આયોનિક સાન્દ્ર મિનરલ ફર્ટિલાઇઝર વોટરના કૃષિ લાભો)**

- પાકમાં ૬૦ % થી ૮૦ % સુધી ગુણવતા સાથે ખેત ઉપજ માં વધારો.
- છોડની મજબૂતીમાં વધારો.
- પાણીની ખપતમાં દશ થી ત્રીસ ટકા નો ઘટાડો.
- ઝીણા મુળીયામાં વધારો જેથી છોડ ને જમીનમાંથી સારું પોષણ મળી શકે.
- જમીનની pH પાકને અનુકુળ કરે.
- જમીનની પાક માટેની અશુદ્ધિ દુર કરે.
- **બીજાંકુરણ** ઝડપી કરે.
- ખાતરના ઉપયોગનું પ્રમાણ ઘટાડે.
- જંતુનાશક દવાઓ અને નીંદામણ નાશક દવાઓનો વપરાશ ઘટે.
- જમીનની ફળદ્રુપતા પહેલા જ વર્ષેથી વધારે.
- વીજવપરાશ ઓછો કરે.
- ગરમીના પ્રભાવમાં ઘટાડો કરે.
- પાકમાં પોષકતત્વો માં વધારો કરે.
- પાકની આર્વદા માં વધારો કરે.
- પાકના પ્રમાણમાં વધારો કરે અને પાકના રોગોમાં ઘટાડો કરે.
- પાકના વજનમાં વધારો કરે અને પાણીથી તથા રોગોમાં ઘટાડો કરે.

Copyrights ©SGS